Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
भारत 2023 INDIA
वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૩/૭૩૨૪ તા. ૦૧/૧૧/૨૦૨૩

પરિપત્ર -૩૨૦૬

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે બી.એડ્. સેમેસ્ટર-૩ (ન્યુ કોર્સ) ની વાઈવાની પરીક્ષાના સંદર્ભમાં જરૂરી સાહિત્ય તા.૦૧/૧૧/૨૦૨૩ સાંજના ૫:૦૦ કલાક સુધીમાં આપની કોલેજને યુનિવર્સિટી ફાળવેલ અધિકૃત ઈ-મેઈલ આઈ.ડી. પર મોકલી આપવામાં આવશે. વાઈવાના સંદર્ભમાં નીચેની સૂચનાઓ/બાબતો ધ્યાનમાં રાખવા જણાવવામાં આવે છે.

1. આપની કોલેજમાં વાઈવા માટે યુનિવર્સિટી દ્વારા નિયુક્ત પરીક્ષકોને આપની કક્ષાએથી તા.૦૨/૧૧/૨૦૨૩ સુધીમાં નિયુક્તિ અંગેની જાણકારી પૂરી પાડવાની રહેશે. તેમજ કોઈ પરીક્ષક આ કામગીરી માટે ના પડે તો તેમની પાસે કારણ સહીત પત્ર મંગાવી તેની જાણ યુનિવર્સિટીને તા.૦૩/૧૧/૨૦૨૩ બપોરના ૧૨:૩૦ કલાક સુધીમાં કરવાની રહેશે.
2. વાઈવાના દિવસે યુનિવર્સિટી દ્વારા પૂરું પાડવામાં આવેલ સાહિત્ય પરીક્ષકશ્રીઓને પૂરું પાડવાનું રહેશે.
3. પરીક્ષકોની આવશ્યકતા અનુસાર હાજરી પત્રક, વ્યક્તિગત ગુણાંકન પત્રક, એકંદર ગુણાંકન પત્રક, રેમ્યુંરેશન બીલ તથા TA/DA બીલની ઝેરોક્સ કોલેજ કક્ષાએથી પૂરી પાડવાની રહશે.
4. સંબંધિત કોલેજે પરીક્ષક દ્વારા આપવામાં આવેલ હાજરી પત્રક, વ્યક્તિગત ગુણપત્રક અને એકંદર ગુણાંકનપત્રક નું સીલબંધ કવર તથા રેમ્યુંરેશન બીલ તથા TA/DA બીલ પરીક્ષા પૂર્ણ થયાના બીજા દિવસે ફરજિયાતપણે યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનું રહેશે.
5. વાઈવાના દિવસે તમામ વિદ્યાર્થીઓને ઇન્ટર્નશિપ કાર્ય અંગેનું તમામ સાહિત્ય, લેખિત પરીક્ષાની હોલ ટીકીટ અને કોલેજનું આઈ.કાર્ડ. સાથે રાખવા જરૂરી હોય તે માટે આપની કક્ષાએથી સુચના આપવી.

SHRI GOVIND GURU UNIVERSITY

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ બી.એડ્. કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત તમામ પરીક્ષકશ્રીઓ તરફ જાણ સારું.